UNITED INTERNATIONAL

GUJARATI CHRISTIAN SOCIETY

NEW YORK & NEW JERSEY

Phone # (732) 855-0596 ╬ email: jospausa@yahoo.com

*(A NOT-FOR-PROFIT ORGANIZATION, Estd. 1988)*

# AMERICAN CHRISTIAN NEWS

# અમેરિકન ક્રિશ્ચિયન ન્યુઝ

FOUNDER: Lt. REV. MANUBHAI V. CHRISTIAN

EDITOR: JOSEPH PARMAR

Issue-112, Year: 35, March-April-2014



**તંત્રીની કલમે આ પત્ર...**આ વર્ષે આકરી ઠંડી અને ‘સ્નો’ની વર્ષા ‘વિન્ટર’ની કેવી શક્તિ છે, તેનો અનુભવ આ વખતનો શિયાળો-વિન્ટર- કરાવી ગયો. ન્યુયોર્ક સીટી જેવાં કેટલાંયે શહેરોને ‘સ્નો’ સાફ કરવા બજેટમાં મોટી રકમ ખર્ચવી પડી. સ્ટ્રીટમાં પડેલો ‘સ્નો’ પીગળાવવા ‘સોલ્ટ’-મીઠું પણ ખૂટી ગયું! ‘સ્નો’ના ભયંકર વાવાઝોડાથી માલમિલકત નાશ પામી અને જાનહાનિ પણ થઈ. ઘણો ‘સ્નો’ છેવટે તો જીવન જરૂરી પ્રવાહી એવું પાણી જ છે! અને મનુષ્યને પાણીના વપરાશ માટે આટલો બધો ‘સ્નો’ આમ તો ફાયદાકારક ગણાય! કેટલાક લોકો આને કુદરતનો કોપ કહે છે. પણ આ પ્રકારની કુદરતી હોનારતો પાછળ આજના લોકોની જીવનરીતિ અને કુદરતી દ્રવ્યોનો આંધળો ઉપયોગ જવાબદાર છે. મનુષ્યો ઉદ્યોગોના વિકાસને નામે જીવલેણ પ્રદૂષણ સર્જે છે, જે કુદરતની સામાન્ય ઘટમાળને બદલી નાખે છે. પર્યાવરણના વિદ્વાનોની વારંવારની ચેતવણી છતાં પ્રદૂષણને રોકવાના ઉપાયો થતા નથી. આજની માનવજાત સમૃધ્ધિ મેળવવા આંધળી દોટ લગાવી રહી છે. આ વખતના ‘વિન્ટર’ અને ‘સ્નો’નાં વાવઝોડાં મનુષ્યને જગાડે છે, પણ જિદ્દી માનવજાત પોતાના કલ્યાણ માટેની પ્રભુની આજ્ઞાઓને ગણકારતી નથી તો આવાં કુદરતી સંકટોને તો સમય જતાં વિસારે પાડી દે છે!

દરેક ઋતુ નૈસર્ગિક રીતે પોતાનો પ્રભાવ બતાવે છે. ઋતુ સામાન્ય અને આકરી પણ હોય છે. વર્ષાઋતુ કમોસમી આવી પડે તો નુકસાન થાય છે. આકરો ઉનાળો ૧૦૦ ડીગ્રી ઉપર તાપમાન આપે તો આકરું થઈ પડે છે. પણ માનવસર્જીત પ્રદૂષણ આ બધી ઉપાધિઓનું એક મુખ્ય કારણ છે. જો મનુષ્ય ચેતશે નહિ તો વૈજ્ઞાનિકો પૃથ્વીનો અકાળે નાશ થઈ જશે, તેવી આગાહી કરે છે. સામાન્ય જનતા આના ઉપાય તરીકે શું કરી શકે? આ એક મોટો, ગંભીર અને વિચારણા માગી લેતો પ્રશ્ન છે.

ઉપાય સમજવા મનુષ્યની જીવનરીતિ પ્રત્યે ધ્યાન દોરવાની જરૂર છે. માણસને જીવવા માટે શું જોઈએ? હવા,પાણી, ખોરાક, વસ્ત્રો અને ઋતુઓ સામે રક્ષણ મેળવવા છાપરું-ઘર-ઝૂંપડી. બસ, મનુષ્યે જિવંત રહેવા, તંદુરસ્ત રહેવા આટલી જીવનજરૂરી સગવડો બસ થઈ પડે! વિચારજો! આટલી જ જરૂરિયાત સામે આજનો મનુષ્ય શું શું ઉપયોગમાં લે છે? જીવન જરૂરિયાતની ચીજવસ્તુઓ માટે જાહેર માર્કેટ કેટલું બધું બિનઉપયોગી ઉત્પાદન બજારમાં મૂકે છે? અને મનુષ્યને જીવવા માટે આવશ્યક ન હોય તો પણ કેટલી બધી ‘ફાલતુ’ ચીજવસ્તુઓ બસ ખરીદ્યે રાખે છે, ખરીદ્યે જાય છે, ઉત્પાદકો કુદરતની સામે પડીને પ્રદૂષિત વસ્તુઓ બજારમાં મૂક્યે રાખે છે. ‘લીપસ્ટીક’ ‘નેઈલ પોલિસ’ ‘બીંદી’ ‘હેર પીન’ ચોટલા બાંધવાનાં બક્કલો-રબર-રીંગો, માથાના વાળ રંગવાના ‘કેમિકલયુક્ત કલર’, અવનવાં વસ્ત્રો-પહેરવેશ-ભપકાદાર બનાવવા ચળકાટ માટેની બિનજરૂરી સજાવટ, વગેરે ગણીએ તો જેની સાધારણ જીવનરીતિ માટે તે બધું ના હોય તો પણ વાંધો ન આવે! ખોરાકનો વગાડ, પાણીનો બગાડ, અને એવી કેટલીયે ચીજવસ્તુઓ જરૂર કરતાં વધુ વાપરવામાં આવે છે. વતન-ઈન્ડિયામાં એકાદ દેગડી-ડોલ પાણીથી શરીરસ્નાન કરનારા અમેરિકામાં કહે છે, “મારે તો નહાવા માટે એક કલાક જોઈએ”, ગરમ પાણીથી એક કલાક સ્નાન કરવાથી પાણીનો વપરાશ જરૂર કરતાં વધી જાય. પાણીનો બગાડ, અને અન્ય ઘણા બગાડ છેવટે તો પ્રદૂષણ માટે જવાબદાર છે. જરૂર પૂરતી જ ચીજ વસ્તુઓ વસાવવા અને વાપરવાનો આગ્રહ રાખીએ, એ મુખ્ય ઉપાય છે. પ્રભુ ઈસુએ આપણને શીખવેલી પ્રાર્થના યાદ આવે છે-*“આજનો રોટલો આજ અમને આપ.”* પ્રભુએ આવતી કાલની ચિંતા ન કરવા જણાવ્યું છે. પ્રભુ ઈસુએ તો કહ્યું છે. *“તમે ખાવાપીવાની કે પહેરવા ઓઢવાની ચિંતા ન કરો. માત્ર ખોરાક અને વસ્ત્રોમાં જ જીવન સમાયેલું નથી. જીવન એથી ઘણું અધિક છે. કાગડાઓનો વિચાર કરો. તેઓ વાવતા નથી કે કે લણતા નથી. વળી તેમની પાસે ખોરાકનો સંગ્રહ કરવાના કોઠારો નથી. તો પણ ઈશ્વર તેમનું ભરણપોષણ કરે છે. તમે તો પક્ષીઓ કરતાં ઘણાં મૂલ્યવાન છો.”* (માથ્થી ૧૨:૨૨-૨૪, સર્વોચ્ચ ઈશ્વર-“નવો કરાર”-New India Bible Version)

પ્રિય વાચકો, ‘લેન્ટ’-તપઋતુના ૪૦-ચાળીસ દિવસો દરમ્યાન જીવન વપરાશની ચીજવસ્તુઓ જરૂરપૂરતી જ વાપરીને પણ તપ-ત્યાગનો માર્ગ લઈ શકાય! જીવન જીવવાની જરૂરિયાત મર્યાદિત રીતે ઉપયોગમાં લઈને પણ પ્રભુના દુ:ખમાં નજીવો સહયોગ આપી શકાય! સવારથી ઊઠીને રાતે મીઠી નિંદ્રા લેવા જઈએ તે દરમ્યાન સૃષ્ટિનાં દ્રવ્યો-ચીજવસ્તુઓ ખપપૂરતી વાપરીને તપઋતુને ન્યાય આપીએ, જેથી પ્રદૂષણ ઘટશે, મર્યાદિત વપરાશથી ચીજવસ્તુઓની બચત થશે, જે વધારે મનુષ્યોના ઉપયોગમાં આવશે. ઉપરોક્ત “બાઈબલ વચનો” વાંચવાં ગમે છે, વાદવિવાદમાં સંદર્ભ તરીકે ગૌરવથી ટાંકીએ છીએ, પણ તેના ગૂઢાર્થ પ્રત્યે આપણે ઉદાસીન બની જઈએ છીએ. ‘ચિંતામુક્ત’ રહેવું, એ પણ તપ-ત્યાગનો એક પ્રકાર છે. આપણા ૪૦ દિવસના તપ-ત્યાગ સામે પ્રભુએ વેઠેલું કષ્ટ અનેકગણું વધારે અને અતિ કઠોર છે! પ્રભુ ઈસુનાં દુ:ખસહન સપ્તાહમાં આપણે વધુ આત્મચિંતન કરીએ, અને આપણી ભૂલોની ક્ષમા યાચીએ, ફરી ભૂલચૂક ન થાય તેવો દૃઢ નિશ્ચય કરીએ! પ્રભુ ઈસુના ક્રોસ ઉપરના આપણા માટેના જીવનબલિદાન પછીના પુનરૂત્થાનની માનવજાતને મળેલી ભવ્ય ભેટને લાયક જીવન જીવવાનો નિર્ધાર સાથે “પાસ્ખા પર્વની સૌને હાર્દિક શુભેચ્છા!

---

## પ્રભુ શોધે છે.

*-ઈલા જોબર્ટ ક્રિશ્ચિયન (Union City, NJ)*

ખોવાવું એટલે શું? જે ગુમાવી દીધું છે તે. ખોવાયેલું મેળવવા શોધ કરવી પડે. ગુમાવ્યું છે, તે શોધવા ખંતથી પાછળ પડી જવું. દિવસમાં કેટલીયે વખત કેટલી બધી વસ્તુઓ ખોવાઈ જાય છે. અને તેની જરૂર પડે છે ત્યારે શોધવા હાંફળા-ફાંફળા થઈ જઈએ છીએ. અરે! ઘરમાંથી બહાર નીકળવું છે પણ ચાવી ખોવાઈ ગઈ છે, કેટલાય ખાંખાંખોળા કર્યા પછી ખીસ્સામાંથી જ મળી આવી, ત્યાં તો ‘સેલફોન’ મળતો નથી. “અરે, હમણાં તો અહીં જ હતો, ક્યાં ગયો, ક્યાં મૂકાય ગયો?” નાનો અમથો ‘સેલફોન’, પણ એના વિના ઘડી પણ ન ચાલે.
ટી. વી.નો ‘રિમોટ કન્ટ્રોલ’ નથી મળતો. બૂમાબૂમ કરી મૂકીએ. ટી. વી. તો બંધ કરાય જ નહિ. બધું ફેંદી નાખ્યું... આખરે સોફાના તકિયાના ખૂણામાંથી મેળવીને જ જંપ્યા. આમ દુન્યવી ચીજવસ્તુઓ ખોવાય ત્યારે ઉચાટ, ગભરાટ, ચિંતા અકળામણ અને ગુસ્સો પણ અનુભવાય છે. માથ્થી ૧૮: ૧૧ *“જે ખોવાયું છે તેને શોધવા માણસનો દીકરો આવે છે.”*-૧૦૦માંથી ૯૯ ઘેટાં હોય તો ઉત્તમ ઘેટાંપાળ ખોવાયેલા ૧ ઘેટાને શોધીને જ શાંતિથી બેસશે. પહાડ ઉપર જ્યાં લીલુંછમ ઘાસ-દુન્યવી ચળકાટ છે, ત્યાં જ મારું ખોવાયીલું ઘેટું હશે અને ત્યાંથી પ્રભુ શોધી લાવે છે. અને ખોવાયેલું ઘેટું મળ્યાના આનંદમાં મિત્રોને મિજબાની પણ આપે છે!

પ્રભુ જ્યાં જતો, ત્યાં લોકો તેની પાછળ જતા, ચરણોમાં બેસતા. જેઓ ખોવાયેલા હતા તેને પ્રભુ શોધતા. પ્રભુ યરીખો શહેર જે સુવાસિત જગ્યા અને ખજૂરીનું વૃક્ષ હતું ત્યાં ગયા અને ગુલર ઝાડ ઉપર ચડેલા જાખી દાણીને 

“અમેરિકન ક્રિશ્ચિયન ન્યૂઝ” સાથે કૉમ્યુનીટીના તાજા અને સવિષેશ સમાચારો માટેની વિશ્વવ્યાપી **લોકપ્રિય** વેબ સાઈટ: *jagadishchristian.com* વાંચો અને ફોર્વર્ડ કરો!

કહે છે, *"જાખી નીચે ઉતરી આવ (લૂક ૧૯: ૨-૧૦) આજ તારા ઘેર તારણ આવ્યું છે."* ખોવાયેલા જાખીને પ્રભુએ શોધી કાઢ્યો. જાખીએ પ્રભુની વાણી સાંભળી, પ્રભુ સાથે મુલાકાત થઈ. પશ્ચાતાપ સાથે જે જે લીધું હતું તેનાથી બમણું પાછું આપ્યું. એક પાપી પશ્ચાતાપ કરે તેને લીધે આકાશમાં અનેરો આનંદ થાય છે. પ્રભુ પાપી સાથે બેસીને ખાય છે. માથ્થી ૭:૭-૮ *"શોધો તો તમને જડશે."* અને જે શોધે છે, તેને જડે છે. જાખી ઠીંગણો હોઈ ગિરદીમાં ઈસુને જોઈ શકતો નહોતો. ઈસુને જોવા ઉત્સુક જાખી ઈસુનાં દર્શન કરવા ઉમરાના ઝાડ ઉપર ચડી ગયો હતો,. આમ જાખી ઈસુને શોધતો હતો. અને ઈસુ તેને શોધી રહ્યા હતા. *"પૂર્ણ હૃદયથી જો તમે તેને શોધશો, તો તે તમને મળશે."*-૨ કાળવૃત્તાંત ૧૫-૨ જાખી દાણીએ યહોવાની શોધ કરી અને પ્રભુ તેને મળ્યા. ખોવાયેલું શોધવા પ્રભુ આવ્યા. *"કોઈ સ્ત્રી પાસે ચાંદીના દસ સિક્કા હોય, અને તેમાંથી એક ખોવાઈ જાય તો શું તે સ્ત્રી દીવો લઈને ઘરનો ખૂણેખૂણો વાળીઝૂડીને તે જડે ત્યાં સુધી તેની શોધ નહિ કરે?"*-લૂક ૧૫: ૮. ઉડાઉ દીકરાની વાત લૂક ૧૫:૧૧-૩૦માં આવે છે. પિતા રોજ બારીમાંથી તેના આવવાની રાહ જોતા હતા. પિતા પાસેથી મિલકત લઈ ખરાબ સોબતીઓ સાથે બધી મિલકત ઊડાવી દીધી પછી જ્યારે જે શિંગો ભૂંડો ખાતાં હતાં તે ખાવા મળી ત્યારે એ ઉડાઉ દીકરાને પસ્તાવો થયો અને તે ઘેર પાછો ફર્યો. પિતાની ક્ષમા માગી, *"મેં ઈશ્વર સામે અને તમારી વિરુધ્ધ પાપ કર્યું છે. હું તમારો દીકરો ગણાવાને પણ લાયક નથી."* પિતાએ તત્કાળ ક્ષમા આપીને તેને આવકાર્યો, સારામાં સારું ભોજન તૈયાર કરાવ્યું, સારામાં સારો ઝભ્ભો પહેરાવ્યો અને આંગળીએ હિરાજડિત વીંટી પહેરાવી. કારણ, *"આ મારો પુત્ર મરી ગયો હતો તે સજીવન થયો છે, ખોવાઈ ગયો હતો તે પાછો મળ્યો છે."*-(લૂક ૧૫:૨૪) એક આત્મા પ્રભુમાં મેળવાય છે ત્યારે કેવો ભવ્ય આદરસત્કાર થાય છે. *"યહોવા મળે છે (મળી શકે તેમ છે) એટલામાં (ત્યાં સુધીમાં) તેને શોધી કાઢો, તે નજીક છે એટલામાં (ત્યાં સુધીમાં) તેને હાંક મારો."* (યશાયા ૫૫:૬) ખ્રિસ્ત શોધક છે. *"માનવપુત્ર જે કોઈ ભટકી ગયા છે તેમને શોધવા અને તારવા આવ્યો છે."* (લૂક ૧૯:૧૦)

એકધારી ઘણાં વર્ષો સુધીની નોકરી પછી રીટાયર્ડ થવાનું આવે, શક્તિ ઘટી જાય, શૂન્યાવકાશ આવી જાય, હવે શું કરીશ? ઝાટકો વાગે,પણ *"હું કહું છું કે, ખાવાપીવા વિષે ચિંતા ન કરો, કારણ કે તમને જીવન અને શરીર અપાયેલ છે. ખોરાક કરતાં જીવન અને વસ્ત્ર કરતાં શરીર વધારે મૂલ્યવાન છે."* (માથ્થી-૬:૨૫) મને ઘડનાર મારો સર્જનહાર મને જાણે છે, તે અનંતજીવન આપવા માગે છે. આ જીવન પછી તેની સાથેના જીવનની મધુરતા અને સંવાદિતા સાથે ખાત્રીદાયક જીવન આપવા માગે છે. જીવન તો સૌને મળે છે પણ તેની સાથેનું સમૃધ્ધ જીવન તેના ખોવાયેલાને તેનામાં મેળવીને આનંદસહિતનું જીવન આપે છે. પ્રભુ પ્રેમથી, લાગણીથી પોતાના સ્નેહભાવથી આપણને શોધે છે. પ્રભુએ તલવારથી નહિ પણ સ્થંભના રક્તથી પોતાનો જીવ આપીને સાવ સહજ રીતે ઉત્તમ ઉદાહરણ આપીને આપણને જીત્યા, પ્રેમની પ્રતિતી કરાવી. આજે આપણી પાસે શું છે? આપણે કેવું 'સ્ટેટસ' ધરાવીએ છીએ તે ઉપરથી આપણી કિંમત અંકાય છે. પણ મારું મૂલ્યાંકન એ મુજબ નહિ કરતાં પ્રભુ તો પ્રેમથી મને શોધે છે. શું પ્રભુ મને એ રીતે શોધે છે? અને તો તેવું જાણ્યા પછી જો આજે તેની વાણી સાંભળીએ તો?

*"જેઓ પૂછતા નહોતા તેઓ મારે વિષે તપાસ કરે છે; જેઓ મને શોધતા નહોતા તેઓને હું મળ્યો છું."*(યશાયા:૬૫:૧)

શું આજે આપણે પ્રભુને મળીએ છીએ?

પ્રભુના રક્તના બુંદની એક કહાણી,
સ્થંભથી ખોવાયેલાને શોધે એ વિહ્વળ આંખો....

**તા. ૧૯ એપ્રિલ, ૨૦૧૪ના રવિવારે સૌ વાચકો મહા પર્વ "ઈસ્ટર"ની ઉજવણી આનંદોલ્લાસથી કરશે. "અમેરિકન ક્રિશ્ચિયન ન્યુઝ"ના સૌ સુજ્ઞ વાચકો-ચાહકો-લેખકો અને શુભેચ્છકોને "પાસ્ખા પર્વની હાર્દિક શુભેચ્છા!**

**Happy Easter!**

## મંડળીનું કાળચક્ર: તપઋતુ, દુ:ખસહન સપ્તાહ અને "ઈસ્ટર"-શેતાનની હાર, ખ્રિસ્તનો વિજય-રેવ. ડૉ. સ્નેહલતા પટેલ (Brooklyn, NY)

*"પોતાની દયાથી આપણાં પાપ દૂર કરનાર ખ્રિસ્તમાં જો આપણે વિશ્વાસ કરીએ તો ઈશ્વર આપણને ન્યાયી એટલે નિર્દોષ ગણે છે." (રૂમી ૩: ૨૪)* તે યાદ કરાવવા માટે છે.

પ્રભુના દુ:ખસહન સપ્તાહ, એ પાસ્ખાપર્વનો સમય હોઈને ચારે દિશાથી યહુદીઓ યરૂસાલેમમાં પાસ્ખાની ઉજવણી કરવા ભેગા થયા હતા. કિડિયારીની જેમ માનવમહેરામણ ઉમટી પડ્યો હતો. આ સમય દરમ્યાન નીચે જેવા બનાવો બન્યા હતા.

ખજૂરીનો રવિવાર: પ્રભુ ઈસુનો યરૂસાલેમમાં વિજયવંત પ્રવેશ (માથ્થી ૨૧: ૧:૧૧) પ્રબોધકે ભાખેલી ભવિષ્યવાણી આ દિવસે પૂરી થાય છે, *"પુષ્કળ આનંદ કરો! કેમકે, જુઓ, તમારો રાજા આવે છે! તે ન્યાયી છે અને તેની પાસે ઉધ્ધાર છે! છતાં પણ તે નમ્ર છે અને ગધેડીના વછેરા પર સવારી કરીને આવે છે."* (ઝખરિયા ૯:૯-૧૦) લોકોએ રાજા તરીકે પ્રભુ ઈસુનો ઉમળકાભેર આવકાર કર્યો.

સોમવાર: મંદિરનું શુધ્ધિકરણ (માથ્થી ૨૧:૧૨-૧૪) પ્રભુ ઈસુએ યરૂસાલેમના મંદિરમાં જઈ ભજનિકોની લાચારીનો ગેરલાભ ઉઠાવતાં પ્રાર્થનાસ્થાનને લુંટારૂઓનો અડ્ડો બનાવનાર વેપારીઓને હાંકી કાઢ્યા, તેમજ શરાફોના ગલ્લા અને કબૂતર વેચનારાઓનાં આસનો ઊંધાં વાળ્યાં. ત્યાર બાદ અંધજનો અને અપંગોને સાજાપણુ આપ્યું અને રાત બેથોનિયામાં ગાળી.

મંગળવાર: ઈસુની વિરુધ્ધનું કાવતરું (માથ્થી ૨૬: ૧૪-૧૬)

ધાર્મિક આગેવાનોએ ઈસુને મારી નાખવાની યોજના ઘડી. યહુદા ઈસ્કારિયોત કે જે એકલો જ ગાલીલ પ્રાંતનો ન હતો અને ઈસુના બાર શિષ્યોમાંનો એક હતો, તેણે ઈસુને દગો કરી, પકડાવી દેવા માટે સહમતી આપી.

ઈસુનો અભિષેક (માથ્થી ૨૬: ૬-૭) અતિ મૂલ્યવાન તેલથી એક સ્ત્રી ઈસુનો અભિષેક કરે છે. શિષ્યો નાખુશ થયા. તેમને બગાડ લાગ્યો, પણ પ્રભુએ તેમને જવાબ આપ્યો, *"અત્તર રેડીને તેણે મારું શરીર દફનને માટે અગાઉથી તૈયાર કર્યું છે. સમગ્ર જગતમાં જ્યાં સુવાર્તા પ્રગટ કરવામાં આવશે ત્યાં ત્યાં આ સ્ત્રીએ જે કર્યું છે તે તેની યાદગીરીને અર્થે કહેવામાં આવશે."* (માથ્થી ૨૬: ૧૨-૧૩)

ગુરુવાર: ગુરુવાર Maundy Thursday તરીકે ઓળખાય છે. Mandate શબ્દ લેટીન શબ્દ પરથી ઉતરી આવ્યો છે. તેનો અર્થ આદેશ, આજ્ઞા.

પ્રભુ પર વિશ્વાસ કરનારાઓ માટે આ દિવસ ખૂબ જ અગત્યનો છે. આ તેમની શિષ્યો સાથે છેલ્લી રાત હતી. આ દિવસે તેમણે નીચે મુજબના ત્રણ આદેશ તેના લોકોને આપ્યા,

(૧) સેવાનો આદેશ: યોહાન ૧૩:૧-૧૭ પ્રભુ ઈસુએ પોતાના શિષ્યોના પગ ધોયા અને ટુવાલથી લુછ્યા અને કહ્યું, *"... જેમ મેં તમારા પગ ધોયા તેમ તમણે પણ એકબીજાના પગ ધોવા જોઈએ.. તેને આચરણમાં મૂકો; અને તમે આશીર્વાદ પામશો."* ઈસુના અનુયાયીઓને સેવા કરાવવા નહીં પણ સેવા કરવા માટે આદેશ આપવામાં આવ્યો છે.

(૨) યાદગીરીનો આદેશ: ઈસુએ તેમના છેલ્લા પાસ્ખાપર્વને નવો અર્થ આપ્યો. તેમના ભંગાયેલા શરીરને માટે રોટલી અને વહેવડાવેલા રક્ત તરીકે દ્રાક્ષારસને પ્રતિક બનાવી નવા કરારની સ્થાપના કરી. પ્રભુ ઈસુએ માનવજાતના ઉધ્ધાર માટે પોતાનું શરીર ભંગાવ્યું અને પોતાનું રક્ત વહેવડાવ્યું, તેની યાદગીરીમાં આ ભોજન-રોટલી અને દ્રાક્ષાસવ-માં ભાગ લેવા આદેશ આપ્યો.

(૩) પ્રેમનો આદેશ: યોહાન ૧૩:૩૪-૩૫ પ્રભુએ પોતાના શિષ્યોને કહ્યું, *"જેવો પ્રેમ મેં તમારા પર રાખ્યો છે એવો જ પ્રેમ તમે એકબીજા પર રાખો. એકબીજા પ્રત્યેનો તમારો ઉત્કટ પ્રેમ જગતને સાબિત કરી આપશે કે તમે મારા શિષ્યો છો."* ભોજન બાદ પ્રભુ ઈસુ પોતાના શિષ્યો સાથે જૈતુન પહાડ પર પ્રાર્થના કરવા જાય છે. ત્યાં તે 'પ્યાલો' દૂર કરવા આજીજી કરે છે.



"American Christian news" published since 1988, by "Gujarati Christian Church"
*(A not-For-Profit organization registered under the laws of the State of New Jersey, USA Estd. 1988)*

*"હે પિતા, તમારી ઈચ્છા હોય તો આ પ્યાલો મારાથી દૂર કરો, તો પણ હે પ્રભુ મારી નહિ, પણ તમારી ઈચ્છા પૂર્ણ થાઓ."* (લૂક ૨૨: ૪૨) ત્યાર બાદ ઈસુની ધરપકડ કરવામાં આવી. અને તેમને મુકદ્દમા માટે મુખ્ય યાજકો, અન્નાસ, કાયફાસ અને રોમન ગવર્નર પિલાત પાસે લઈ જાય છે. છેવટે યહુદી આગેવાનોને રાજી રાખવા પ્રભુ ઈસુ મરણદંડને યોગ્ય ન હોવા છતાં ના મરજીથી મરણદંડની સજા ફરમાવી.

આ બધું *"શાસ્ત્રમાં મારા વિશે લખેલાં વચનો પૂરાં થાય તે માટે આ બન્યું છે."* માર્ક: ૧૪: ૪૯

શુક્રવાર: શુક્રવાર "ભલા શુક્રવાર" તરીકે ઓળખાય છે. કૃત્તિ પોતાના ઉત્પન્નકર્તા સાથે ગોઝારું વર્તન કરવા છતાં માનવજાતને શેતાનની ચુંગલમાંથી છોડાવવા ઈશ્વરપિતા પોતાનું બલિદાન આપે છે. (માથ્થી ૨૭: ૧૬-૧૯ વાંચો)

રોમન સૈનિકોએ પ્રભુ ઈસુને જાંબુડિયા રંગનો ઝભ્ભો પહેરાવ્યો, માથે કાંટાનો તાજ મૂક્યો. અને 'ઈસુ-આ ઈસુ છે યહુદીઓનો રાજા' એવું વધસ્તંભ પર લખાણ મૂક્યું. તેમની ઠઠ્ઠા મશ્કરી અને હાંસી કરી, તેમને કોરડા મારવામાં આવ્યા. જાંબુડી ઝભ્ભો ઉતારી તેમને તેમનાં વસ્ત્રો ફરી પહેરાવ્યાં અને ગલગથા-'ખોપરી' નામની જગ્યાએ શહેરની બહાર વધસ્તંભ ઉંચકાવીને લઈ જવામાં આવ્યા.

સવારના નવ વાગ્યે પ્રભુ ઈસુને વધસ્તંભે જડાવ્યા.વધસ્તંભ પરથી પ્રભુએ જે સાત વચનો ઉચ્ચાર્યાં તે સાતવાણી તરીકે જાણીતાં છે.

(૧) *"હે પિતા, આ લોકોને માફ કરો, કેમકે, તેઓ જાણતા નથી કે તેઓ શું કરી રહ્યા છે."* લૂક ૨૩: ૩૪

(૨) *"હું તને સાચે જ કહું છું કે, આજે તું મારી સાથે પારાદૈશમાં હોઈશ."* લૂક ૨૩: ૪૩

(૩) પોતાનો વહાલો શિષ્ય યોહાન જે ત્યાં હાજર હતો તેને જોઈને રૂદન કરતી પોતાની માતાને કહ્યું, *"એ તમારો દીકરો છે!"* અને યોહાનને કહ્યું, *"એ તારી મા છે."* યોહાન ૧૯: ૨૬-૧૭

(૪) *"એલી, એલી, લામા સાબાખ્થાની.. મારા ઈશ્વર, મારા ઈશ્વર, તમે મને કેમ તજી દીધો છે?"* માથ્થી ૨૭: ૪૬

(૫) *"મને તરસ લાગી છે."* યોહાન: ૧૯:૨૮

(૬) *"સંપૂર્ણ થયું"* યોહાન: ૧૯:૩૦

(૭) *"હે પિતા, મારો આત્મા હું તમારા હાથમાં સોંપું છું."* લૂક ૨૩: ૪-૬

બપોરના ૧૨:૦૦થી ૩:૦૦ વાગ્યા સુધી આખા પ્રદેશમાં ગાઢ અંધકારપટ વ્યાપી ગયો હતો. પ્રભુએ પ્રાણ છોડ્યો ત્યારે મંદિરનો પડદો એકાએક વચમાંથી ફાટી ગયો, ધરતીકંપ થયો, કબરો ઉઘડી ગઈ, અને સૈનિકોએ કબૂલ કરતાં સાક્ષી આપી, *"સાચે જ એ ઈશ્વરપુત્ર હતા."*

અરીમથાઈના યુસુફે પિલાત પાસે ઈસુના શબની માગણી કરી. ઈસુના શબને શણમાં વીંટાળી કદી ન વપરાયેલી એવી કબરમાં તે મૂકવામાં આવ્યું.

વધસ્તંભ, રોમન સલ્તનતમાં શરમ અને હીનતાનું પ્રતિક હતું, રોમન નાગરિક કદી પણ 'વધસ્તંભ' ઉચ્ચારતા નહીં કે તેના વિશે વિચાર પણ કરતા નહીં. બળવાખોર, ગુલામ અને નામીચા ગુનેગારોને વધસ્તંભ પર ખીલા મારીને જડાવી દેવામાં આવતા હતા. આ મોત એટલું બધું શરમજનક અને ઘાતકી હતું કે, વધસ્તંભની સજા શહેરની બહાર અપાતી હતી. ત્યાર બાદ તેઓ મહાયાતનાથી પીડાતા અને તેમના શબને પ્રાણીના ચામડામાં સીવી દઈ ધોમધખતા તાપમાં ફેંકી દેવામાં આવતું. આવું અમાનવીય મૃત્યુ પામી પ્રભુ ઈસુએ વધસ્તંભને માન અને ગૌરવનું પ્રતિક બનાવી દીધું, આપણા સમયમાં દુ:ખરૂપી વધસ્તંભ ઉંચકવો, એટલે પોતાના હિત કરતાં ઈશ્વરની ઈચ્છાને આધીન થવું. તેમાં માફી, ઉદારતા, સેવા, સહનશીલતા, વગેરે ઉમદા ગુણો રહેલા છે. વધસ્તંભનું પરાક્રમ ઈશ્વરની ઈચ્છાને માન આપતાં-જીવનોનું પરિવર્તન, સુખ, આબાદી અને નવું જીવન મળે છે.

રવિવાર: મૃત્યુ પર વિજય. આત્યાર સુધીમાં જેઓ મરણ પામ્યા છે, તેઓમાં ફક્ત પ્રભુ ઈસુ ખ્રિસ્ત એકલા જ મૃત્યુંજયી તરીકે સજીવન પામ્યા છે!

ખ્રિસ્તી ધર્મનું હાર્દ: પ્રભુ ઈસુનો મૃત્યુ પર વિજય અને જેઓ તેમના પર વિશ્વાસ કરે છે તેઓને નવું જીવન મળે છે. પ્રભુ ઈસુ અઠવાડિયાના પ્રથમ દિવસે સજીવન થયા અને મરિયમ, પીતર, શિષ્યો, એમોસ જનાર બે માણસોને દર્શન આપ્યું. ૪૦ દિવસ સુધી ૫૦૦ જેટલી વ્યક્તિઓને દર્શન આપ્યું. અને ૪૦મા દિવસે ગાલીલના એક પહાડ પર શિષ્યોની હાજરીમાં તેમનું સ્વર્ગારોહણ થયું.

વહાલાંઓ, ચાર સુવાર્તામાં આ બધી બાબતો લખવામાં આવી છે. આ 'લેન્ટ' અને દુ:ખસહન સપ્તાહ દરમ્યાન તેના વિશે વધુ શીખીએ અને ઈશ્વરનો આભાર માનીએ કે, આપણા પ્રત્યેકનું મુક્તિમૂલ્ય ચૂકવાય ગયું છે. પરંતુ *"જે વિશ્વાસ કરશે અને બાપ્તિસ્મા લેશે તેનો ઉધ્ધાર થશે. જે વિશ્વાસ નહીં કરે તે દોષિત ઠરશે."* માર્ક ૧૬:૧૬. ઈસ્ટર મુબારક હો!

**"બાઈબલ સ્ટડી"-માર્ચ-એપ્રિલ, ૨૦૧૪ના પ્રશ્નો:**

**પ્ર. ૧.** બાળકનો જન્મ થયા પહેલાં ઈશ્વરે કોને કોને કયા કયા નામથી સંબોધ્યા છે?

**પ્ર. ૨.** "બાઈબલ"માં મરિયમનાં નામ કેટલી વાર આવે છે તે શોધીને લખો.

**પ્ર. ૩.** એવી બે કઈ વ્યક્તિઓ છે કે જેમણે આ પૃથ્વી પરના મરણનો અનુભવ કર્યો નથી.

**પ્ર. ૪.** ઈશ્વરે કઈ કઈ વ્યક્તિઓને ડબલવાર નામ દઈને સંબોધ્યા છે?

**"બાઈબલ સ્ટડી"-જાન્યુઆરી-ફેબ્રુઆરી-૨૦૧૩ના પ્રશ્નોના સાચા જવાબો મોકલનાર 'બાઈબલપ્રેમી'ઓની યાદી.** ૧) શ્રીમતી એમિલ્યા ક્રિસ્ટી-ન્યુ જર્સી
૨) શ્રીમતી ભાનુમતી ક્રિસ્ટી-કેલિફોર્નિઆ,૩) શ્રીમતી રેબેકા ડાયલ-બ્રુકલિન, ન્યુયોર્ક,
૪) શ્રીમતી સ્ટેલા પરમાર-નોર્થ બર્ગન, ન્યુ જર્સી,
૫) શ્રીમતી વેલેન્ટીના ટેલર-શિકાગો. ૬) શ્રીમતી પુષ્પા બિશ્વાસ-કનેક્ટિકટ,

**"અમેરિકન ક્રિશ્ચિયન ન્યુઝ"** ને મળેલા દાનની યાદી-
એક અનામી ભાઈ-$60/-ન્યુ જર્સી, શ્રીમતી સોનાલી મરચંટ-$50/-ન્યુ જર્સી, સુમન ગામડિયા-$20/-ન્યુ જર્સી, પ્રવિણ ટેલર-$50/-બ્રુકલિન, સેમશન મેકવાન-$25/-શિકાગો. ઉદારદિલ દાતાઓનો **"અમેરિકન ક્રિશ્ચિયન ન્યુઝ"**હાર્દિક આભાર માને છે!

### એદનવાડી અને ગેથસેમાની વાડી-*સુનાલિની મરચંટ*

*"ત્યાં એક વાડી હતી, જેમાં પોતે તથા શિષ્યો ગયા" યોહાન: ૧૮: ૧*

શાસ્ત્રમાં વાડી-gaarden-નો ઉલ્લેખ ઘણી જગ્યાએ થયો છે. માથ્થી, માર્ક, લૂકમાં ગેથસેમાની વાડીનો ઉલ્લેખ થયો છે. માથ્થી ૨૬:૩૬માં ત્યારે ઈસુ તેઓની સાથે ગેથસેમાને નામે એક ઠેકાણે આવે છે. ને શિષ્યોને કહે છે, *"હું પણે જઈને પ્રાર્થના કરું ત્યાં સુધી તમે અહીં બેસો."* માર્ક ૧૪: ૩૦-૩૬માં અને લૂક ૨૨: ૪૦-૪૫માં તેનો ઉલ્લેખ જોતાં આ બાગ શહેરથી દૂર હતો. અહીં ધનાઢ્ય યહુદીઓ આનંદ મેળવવા આવતા. ઈસુ અને તેના મિત્રો-શિષ્યો પણ અહીં આવતા હતા.

એદનવાડી અને ગેથસોમાની વાડીમાં સામ્યતા:

(૧) દેવ તે બન્ને વાડીઓની મુલાકાત લેતો હતો: એદનવાડીમાં દેવ આદમ-હવાની સંગત કરતો હતો. જેથી તેઓ પાપ ન કરે. દેવ તેઓને ચેતવણી પણ આપતો હશે. ગેથસેમાની વાડીમાં દેવ-પ્રભુ ઈસુ ખિસ્ત અવરનવાર મુલાકાત લેતા હતા. બન્નેને મુલાકાતથી આનંદ થતો હતો.

(૨) સમર્પિત થયો: એદનવાડીમાં દેવે આદમ-હવાને સ્પષ્ટ મના કરવા છતાં ભલાભૂંડાની જાણ થાય તેવા વૃક્ષનું ફળ ખાધું, દેવની આજ્ઞાનું ઉલંઘન કર્યું. પાપ કરી પાપના દાસ બની બાપને સમર્પિત થાય છે. જ્યારે ગેથસોમાની વાડીમાં પ્રભુ ઈસુ ખ્રિસ્ત જગતના પાપીઓને કારણે સમગ્ર માનવજીવન માટે બાપને સમર્પિત કરે છે, જે અતિ પવિત્ર, નિષ્કલંક, છતાં આપણા પાપને માટે જેણે પાપ જાણ્યું ન હતું તે પાપરૂપ થાય છે. પાપને સમર્પિત થવાને કારણે આદમ-હવાને એડનબાગમાંથી નીકળી જવું પડ્યું-હાંકી કાઢ્યાં. જ્યારે ઈસુને આપણાં પાપોને કારણે પરસ્વાધીન કરીને લઈ જવામાં આવ્યા.



"American Christian news" published since 1988, by "Gujarati Christian Church"
*(A not-For-Profit organization registered under the laws of the State of New Jersey, USA Estd. 1988)*

(૩) પરસેવો પડ્યો: એદનવાડીમાં આદમ-હવાએ દેવની આજ્ઞાનું ઉલ્લંઘન કરતાં શિક્ષાસ્વરૂપે પરસેવો પાડીને રોટલી ખાવાની તેમને સજા કરે છે. જ્યારે ગેથસેમાની વાડીમાં પ્રભુ ઈસુને જગતનાં પાપો માટે તેમને મરણદંડ આપવાના દેવના કપને દૂર કરવા, કષ્ટ સાથે પ્રાર્થના કરતાં, દૂત તેમને બળ આપવા છતાં ઈસુને લોહીનાં ટીપાં જેવો પરસેવો થયો. એદનનો આદમ ભૌતિક ભૂખ સંતોષવા પરસેવો પાડે છે, જ્યારે ગેથસેમાનો ઈસુ પરીક્ષણ માટે દેવ-God-નો કપ દૂર કરવા આત્મિક ખોરાક માટે પરસેવો પાડે છે. "પરસેવા પ્રમાણે બદલો"-ઘણીવાર પ્રાર્થનામાં શરીરને કષ્ટ પડતું નથી, કેમકે આરામદાયક ખુરશીમાં પ્રાર્થના થાય છે. ઘૂંટણ ટેકીને પ્રાર્થના કરતાં ઘૂંટણો છોલાય છે,ત્યારે આત્મિક જાગૃતિ આવે છે.

(૪) શેતાનને કચડવામાં આવ્યો: એદનવાડીમાં સર્જન કરેલાં આદમ-હવાને શેતાનશત્રુ પાપની ગુલામીમાં લાવવા પ્રલોભન આપી દેવની વિરુધ્ધ જવા પ્રયત્ન કરે છે અને સફળ પણ થાય છે. પરંતુ તેના પરિણામે હવાને શાપ આપવામાં કે, તારી ને સ્ત્રી વચ્ચે, તારા સંતાનને તેનાં સંતાન વચ્ચે હું વેર કરાવીશ. તે તારું-શેતાનનું માથું છૂંદશે, અને તું તેની એડી છૂંદશે. જ્યારે ગેથસેમાની વાડીમાં પ્રભુ ઈસુખ્રિસ્તે પોતાની જાતને દેવના હાથમાં સમર્પિત કરી દીધી અને પ્રાર્થના કરતાં કહ્યું, *"મારી નહીં પણ તમારી ઈચ્છા પૂર્ણ થાય."* એ રીતે શેતાનને કચડ્યો,હરાવ્યો અને પ્રભ ઈસુ વિજયવંત બની પુનરૂત્થાન પામ્યા.

મિત્રો, એદનમાં પાપનો પ્રવેશ થયો, ગેથસેમાનાં પાપનો અંત આવ્યો. એદનમાં પાપને કારણે આદમ-હવાને હાંકી કાઢવામાં આવ્યાં. ગેથસેમામાં ઈસુના બલિદાનથી દેવની સાથે સમાધાન થયું. એદનને સાચવવા 'કરૂબો' મૂક્યા, ગેથસેમામાં પાપ દૂર થવાને કારણે સ્વર્ગીયવાડી સર્વ માટે ખુલી ગઈ. આપણા નાશ પામતાં જીવનો માટે પરસેવો પાડીએ. સમય નજીક છે. પ્રભુની ગમ આપણાં અંત:કરણ રાખીએ અને શુધ્ધ આચરણ રાખીને ખ્રિસ્તી સુવાર્તા ફેલાવીએ.

---

**પાસ્ખાયજ્ઞ**- *રાવજીભાઈ ક્રિશ્ચિયન (Jersey City, NJ)*

*"કેમકે આપણા પાસ્ખાયજ્ઞ ખ્રિસ્તનું બલિદાન પણ આપણી વતી આપવામાં આવ્યું છે. એ કારણથી આપણે એ પર્વ જૂના ખમીરથી નહિ...... સત્યની બેખમીર રોટલીથી પાળીએ."* (૧કરિંથ ૫:૭-૮)

આપણે 'લેન્ટ'ના દિવસોમાંથી પસાર થયા. ઈસુના દુ:ખસહન સપ્તાહમાં પણ દુ:ખ સહન કર્યું અને ઈસુના પુનરૂત્થાનનો દિવસ પણ આનંદ સાથે મનાવ્યો. આ સમયોમાં આપણે આંતરખોજ કરવાની જરૂર છે. આ પર્વ કેવી રીતે ઉજવ્યું?

કૂતરાંનો સ્વભાવ હંમેશાં જાતિભાઈઓ સાથે ઝગડવાનો. એક કૂતરું બીજા ફળિયામાં ગયું તો તરત જ તેને ભગાડી મૂકે. એકવાર એક ગામનું કૂતરું રખડતું રખડતું બીજા ગામની ભાગોળે પહોંચ્યું. ત્યાંનાં કૂતરાં તેની પાછળ પડ્યાં. તે એવું ભાગ્યું કે દોડતાં દોડતાં કૂવામાં પડી ગયું. ગામનાં કૂતરાં પાછાં વળ્યાં. કૂવામાં પડેલું કૂતરું પાણીમાં મરી ગયું. સવારમાં સ્ત્રીઓ પાણી ભરવા ગઈ, તો કૂવામાથી આવતી દુર્ગંધથી કૂવામાં જોતાં સ્ત્રીઓએ મરેલું કૂતરું જોયું. વાત સરપંચ સુધી પહોંચી. પાણી ક્યાંથી ભરવું? સરપંચશ્રીએ જુવાનિયાઓને હાકલ કરી, 'કૂવાનું પાણી ઉલેચી નાખો.' જુવાનિયાઓએ એ કામ કરી નાખ્યું. અને સરપંચ સાહેબને વાત કરી. તેમણે પૂછ્યું, "પેલું કૂતરું ક્યાં ગયું?" જવાબ મળ્યો, "ત્યાં જ પડ્યું છે." પ્રભુના મહાન સેવક સંત પાઉલે કરિંથીઓની મંડળીને લખતાં જણાવ્યું, *"તમે જૂના ખમીર (પાપ) ને કાઢી નાખો, જેથી તમે બેખમીર (પાપ વગરના) રોટલીથી પર્વ ઉજવો."* (૧ કરિંથ ૫:૭) આપણા જીવનોને કેટલું લાગુ પડે છે.

આ પાસ્ખાપર્વ બહુ જ સાદગીથી, ધાર્મિક સમારંભો બંધ રાખીને, ઉપવાસ, માંસ-મચ્છીનો ઉપયોગ કર્યો નહિ, સાદો ખોરાક ખાઈ, ધાર્મિક મિટિંગોમાં જઈ, 'લેન્ટ'નો સમય વીતાવ્યો, 'સારું' કહેવાય. ઉપરોક્ત વાત પ્રમાણે કૂવામાંના ગંદા પાણીને ઉલેચવા જેવી સફાઈ તો કરી પણ પેલું કૂતરું-પાપ, દુષ્ટતા દૂર કરી?

યશાયા ૫૮ અધ્યાયમાં પ્રબોધક ઉપવાસનો મર્મ અને રહસ્ય વિગતવાર બતાવે છે અને સમજ આપે છે; ઈશ્વર કહે છે, તમારા ઉપવાસો (તપઋતુ સમયના) એવા હોવા જોઈએ, જે હું પસંદ કરું છું.

૧. આત્મકષ્ટ કરો, ૨. પોતાનું ડોકું સરકટ (બરુ-નેતર)ની પેઠે નમાવવું, ૩. પશ્ચાતાપ સાથે રાખ-ટાટનું પાથરણું વાપરવું, ૪. ઉપવાસ એ યહોવાહને ગમતો દિવસ છે, ૫. દુષ્ટતાનાં બંધન છોડો, ૬. જુલમની ઝૂંસરી તોડી નાખવી, ૭. દબાયેલાઓને છૂટાં કરવાં, ૮. અન્યાયનાં બંધન-પાપનાં બંધન તોડી નાખવાં, ૯. ભૂખ્યાંને રોટલી-ખોરાક આપવો, ૧૦. નિર્વસ્ત્રોને વસ્ત્ર આપવાં.

પાસ્ખાયજ્ઞમાં આપણાં પાપોની માટે આપેલા ઈસુના બલિદાનથી જે કર્યું છે, ત્યારે એ પાપ આપણાં હૃદયમાં પડ્યાં છે, તે કૂવામાં પડેલા મરેલા કૂતરાને બહાર કાઢવા જેવી સર્વ દૂષ્ટતા પવિત્ર આત્માના સામર્થ્યમાં દૂર કરીએ.

૧ યોહાન ૧:૭ ઈસુનું રક્ત આપણને સઘળાં પાપથી શુધ્ધ કરે છે.

---

* ડો. સાન્તુકુમાર કે. પરમાર "મેથોડિસ્ટ ચર્ચ ઈન ઈન્ડિયા"ના પહેલા ગુજરાતી બિશપ હતા, મેથોડિસ્ટ મંડળીના પ્રથમ ગુજરાતી બિશપ સાહેબનું તા. ૨૬ જાન્યુઆરી, ૨૦૧૪ના રોજ દુ:ખદ અવસાન થયું છે. તા. ૨૯ જુલાઈ ૧૯૨૮ના રોજ જન્મેલા સાન્તુકુમાર વિદ્વાન અને ખૂબ જ નિખાલસ હતા. એક કુશળ વહીવટકર્તા તરીકે ભારતના તમામ મેથોડિસ્ટ તેઓને યાદ કરશે. તેઓની દફનવિધિ સેન્ટેનરી મેથોડિસ્ટ ચર્ચ, ચેપલ રોડ, હૈદરાબાદ મુકામે તા. ૨૭ જાન્યુઆરી, ૨૦૧૪ના રોજ કરવામાં આવી હતી.

* "ગુજરાતી કેથલિક સમાજ ઓફ યુએસએ"ના ઉપક્રમે અમદાવાદ ધર્મપ્રાંતના બિશપ રેવ. થોમસ મેકવાનના હસ્તે ગુજરાતીમાં પવિત્ર ખ્રિસ્તયજ્ઞ સફળ રીતે યોજાયો હતો. તા. ૯ માર્ચ, ૨૦૧૪ને રવિવારે "સેન્ટ જેમ્સ ચર્ચ, વુડબ્રીજ, ન્યુ જર્સીમાં બપોરના ૨ કલાકે ૭૦ ઉપરાંત ગુજરાતી કેથલિકોએ શ્રધ્ધા અને ઉત્સાહથી ખ્રિસ્તયજ્ઞમાં ભાગ લીધો હતો. 'લેન્ટ' અંગે બિશપ સાહેબે વિદ્વતાસભર બોધ આપ્યો હતો. ખ્રિસ્તયજ્ઞ બાદ ચર્ચના ઓડિટોરિયમમાં મિલનસમારંભમાં "વિશ્વ મહિલા દિન" નિમિત્તે હાજર સૌ મહિલાઓનું બિશપ સાહેબના હસ્તે ગુલાબનાં ફૂલ આપીને અભિવાદન કરવામાં આવ્યું હતું.

* જર્સી સીટીસ્થિત શ્રી ન્યુટન અને શ્રીમતી સ્મીતા ક્રિશ્ચિયનની ૨૫મી લગ્નતિથિ-મેરેજ એનીવર્સરીની ઉત્સાહભેર ઉજવણી કરવામાં આવી હતી. "સેકન્ડ રિફોર્મ મેથોડિસ્ટ ચર્ચ, જર્સી સીટીના હોલમાં તા. ૨૯ ડિસેમ્બર, ૨૦૧૪ના રોજ સાંજના ૫ વાગ્યાથી રાતના ૧૧ વાગ્યા સુધી આમંત્રિતો સાથે સૌએ ઉમંગથી આ પ્રસંગ માણ્યો હતો. રેવ. જોન મુનીએ પતિપત્નીની ફરજો અંગે બોધ અપ્યો હતો. રેવ. અનિલ પટેલ સાહેબ અને રેવ. ડો. સ્નેહલતા પટેલે પ્રાર્થના, બાઈબલ વાચન અને પ્રસંગોચિત સંબોધન કરીને દંપતીને શુભેચ્છા પાઠવી હતી. ગુ. કે. સમાજના જાણીતા આગેવાન અને "અમેરિકન ક્રિશ્ચિયન ન્યુઝ"ના તંત્રીશ્રી જોસેફ પરમારે લગ્નજીવન અને કુટુંબમાં પ્રેમ અને એકતાની ભાવના રાખવા અંગે દૃષ્ટાંતો સહિત વક્તવ્ય આપીને દંપતીને શુભેચ્છા પાઠવી હતી. 'બર્થડે કેક' કાપીને "હેપી બર્થ ડે"નાં ગીતો ગાયાં હતાં. ભજન સંગ્રહનાં ગીતો અને ગરબામાં ઘૂમવાની સૌએ મજા માણી હતી. સ્વાદિષ્ટ ભોજન માણીને ઉજવણી સંપન્ન થઈ હતી.

* "ગુજરાતી કેથલિક સમાજ ઓફ યુએસએ" તપઋતુમાં "ક્રોસના માર્ગની ભક્તિ" યોજીને આત્મચિંતન અંગે સભ્યોને દોરવણી આપે છે. દર શુક્રવારે સાંજના ૮:૩૦ યજમાન કુટુંબના નિવાસે ભેગા મળી ૯:થી ૧૦:૧૫ સુધી આત્મચિંતનાત્મક ભક્તિ ખરેખર હૃદયોને ઢંઢોળીને પ્રભુની સેવા અને ભક્તિ કરવા પ્રેરણા આપે છે. પ્રાર્થના દરમ્યાન ગવાતાં ભાવભર્યાં ભજનો પ્રભુની સમિપે દોરી જતાં અનુભવાય છે. આ ભક્તિસંધ્યામાં ૪૦-૪૫ પરિવાર સહિત નાનાં બાળકો પણ અંગ્રેજીમાં પ્રાર્થના બોલીને સૌને તેમાં ભાગીદાર બનાવે છે. છેલ્લાં ચાર વર્ષથી દર "તપઋતુ"માં સંસ્થા આજીવન મેમ્બરોને ધાર્મિક સંસ્કારોને જીવંત રાખવા આ પ્રકારના કાર્યક્રમો યોજે છે. સંસ્થાના વર્તમાન પ્રમુખશ્રી શાંતિલાલ પરમાર સૌનો સહકાર લઈ સફળ કાર્યક્રમોનું આયોજન કરે છે. તા. ૧૦ મે, ૨૦૧૪ના રોજ "મેટાચન ડાયોસીસ"ના ઉપક્રમે વોશિંગ્ટન ડી. સી. ધાર્મિક યાત્રાએ



"American Christian news" published since 1988, by "Gujarati Christian Church"
*(A not-For-Profit organization registered under the laws of the State of New Jersey, USA Estd. 1988)*

જવાનું ગુ. કે સમાજ ઓફ યુએસએ મારફત આયોજન કરવામાં આવ્યું છે.

* **USCIS-US Citizen & Immigration Services**-તરફથી થયેલી સત્તાવાર જાહેરાત મુજબ તારીખ ૫ મે,૨૦૧૪થી US Citizenship મેળવવા માટેનું નિયત અરજી ફોર્મ N-400 બદલાય છે. નવું N-400 ફોર્મ ૨૧ પાનનું છે, જે હાલમાં ફક્ત ૧૦ પાનનું છે. **હાલનું N-400 ફોર્મ મે ૫, ૨૦૧૪ પછી સ્વીકારવામાં આવશે નહિ.** એનો અર્થ સમજાય છે કે, એપ્રિલ ૩૦, ૨૦૧૪ બાદ US Citizenship મેળવવા ઈચ્છનારે ૨૧ પાનનું નવું N-400 ફોર્મ ભરીને મોકલવું હિતાવહ ગણાય. જેથી જેઓ હાલમાં US Citizenship મેળવવાને યોગ્ય હોય તેઓએ **વહેલી તકે હાલનું N-400 ફોર્મ ભરી દેવું ઠીક રહેશે.** કારણ, નવું N-400 ફોર્મ અરજદારને વધુ જવાબદાર ગણવા માટે કેટલીક માહિતી વધુ સ્પષ્ટતાથી માગે છે. નવા ફોર્મમાં જૂના ફોર્મમાં લખવાની જ માહિતી એવી રીતે મૂકી છે કે, અરજદાર પોતાની જે માહિતી લખે તેને માટે તે અંગત રીતે જવાબદાર ગણાય, અને પોતે લખેલી માહિતી જો સાબિત કરવી પડે તો અરજદારની જવાબદારી રહે. આમ છતાં **નવું N-400 ફોર્મ ભરવા માટે ગભરાવી જરૂર નથી.** નવું N-400 ફોર્મ ૨૧ પાનનું ભરવા માટે વધુ સમય અને વધુ સમજ માગી લે તેવું છે, પણ આ નવું ફોર્મ ભરવા માટે કશી ચિંતા રાખવા જેવી નથી. નવા N-400 ફોર્મ અંગે આવતા હેવાલોથી ગભરાવાની જરૂર નથી. US Citizenship મેળવવાની યોગ્યતા હોય તો યોગ્ય સમયે નવું N-400 ફોર્મ જરૂર ભરવું.

(૧) હેલ્થ ઈન્સ્યોરન્સવિહોણા અમેરિકામાં કાયદેસર વસવાટ કરતા "ગ્રીનકાર્ડ" " વર્ષના વસવાટ બાદ જ ૫-ધરાવનાર વર્ગને યુનાઈટેડ સ્ટેટ્સમાં પાંચઓબામા કેર" અંતર્ગત હેલ્થ ઈન્સ્યોરન્સ ખરીદવાનો રહેશેઆ વર્ગની વ્યક્તિ કે ફેમિલી . પાંચ વર્ષ દરમ્યાન ઈન્સ્યોરન્સ વિનાની રહેશે, જેથી તેઓએ હેલ્થ ઈન્સ્યોરન્સ મેળવવો હશે તો એજન્સી પાસેથી પોતાના ખર્ચે હેલ્થ ઈન્સ્યોરન્સ ખરીદવો પડશેકે હોસ્પિટલમાં દાખલ જો નહિ ખરીદે અને ઈમર્જન્સીમાં ડોક્ટર પાસે . થવું પડે તોજે તે સારવાર ખર્ચ જાતે ભોગવવો પડે, અથવા 'ચેરીટી'ની જોગવાઈ મંજૂર થાય તો ઠીક છે .આ વર્ગ અંગે" ઓબામા કેર "અંતર્ગત અન્ય જોગવાઈની માહિતી મળી નથી .જેથી નવા" ગ્રીનકાર્ડ "ધરાવનાર માટે યુનાઈટેડ સ્ટેટ્સમાં પ્રથમ પોતાની તંદુરસ્તી માટે વધુ જાગૃત રહેવું જરૂરી રહેશે, કે જેથી અચાનક કોઈ ગંભીર બિમારી આવી પડે નહિ કે જેથી આર્થિક મૂંઝવણ સર્જાય .

(૨)" ઓબામા કેર"નું સૌથી સબળ જમા પાસુ એ છે કે, ગંભીર માંદગીમાં પટકાયેલી કોઈપણ પ્રકારના હેલ્થ ઈન્સ્યોરન્સ વિનાના દર્દી-જીવન-મરણ વચ્ચે ઝોલાં ખાતી ભલે હોય, તેવા દર્દીને કોઈપણ હેલ્થ ઈન્સ્યોરન્સ એજન્સી હેલ્થ ઈન્સ્યોરન્સ ખરીદવા ઈન્કારી શકે નહિ" .ઓબામા કેર "અમલમાં આવ્યા પહેલાં તો જો કોઈ વ્યક્તિનું નિદાન થયેલું કે, તે 'કેન્સર'ની દર્દી છે, અને તેની પાસે કોઈ 'હેલ્થ કવરેજ' નથી તો તેવા દર્દીને કોઈ હેલ્થ એજન્સી હેલ્થ ઈન્સ્યોરન્સ ખરીદવા ના પાડી શકતી હતી" .ઓબામા કેર"થી જીવલેણ રોગના દર્દીના હિતમાં આ એક મહત્ત્વનો મોટો ફેરફાર છે .

(૩)" ઓબામા કેર"નું બીજુ જમા પાસુ એ છે કે, ફેમિલીમાં વધુમાં વધુ ૨૬ વર્ષની ઉંમર સુધીનાં સંતાનો જો કોઈ હેલ્થ કવરેજ વિનાનાં હોય તો માતાપિતા "ઓબામા કેર"ના કોઈ હેલ્થ ઈન્સ્યોરન્સ માટે એપ્લાય કરે તેમાં પોતાનાં ૨૬ વર્ષની ઉંમર સુધીનાં હેલ્થ કવરેજ વિનાનાં સંતાનોને સામેલ કરી શકે છે .

(૪)" ઓબામા કેર "હેલ્થ ઈન્સ્યોરન્સ મેળવવા માટેની વયમર્યાદા ૬૪ વર્ષ કે તેથી ઓછી ઉંમરના કોઈપણ હેલ્થ ઈન્સ્યોરન્સ વિનાની વ્યક્તિ કે ફેમિલી માટે છે. જેથી ૬૫ વર્ષ કે તેથી વધુ ઉંમરની હેલ્થ કવરેજ વિનાની વ્યક્તિ" ઓબામા કેર " હેલ્થ ઈન્સ્યોરન્સ મેળવવા માટે અરજી કરી શકે નહિ, પણ "મેડિકેર "અથવા "મેડિકેઈડ "માટે યોગ્યતા પ્રમાણે અરજી કરી શકે છે .

૬૫ કે તેથી વધુ ઉંમરની વ્યક્તિને જો પોતે પોતાની આવક ઉપર **ઓછાંમાં ઓછાં દસ વર્ષ યોગ્ય ટેક્ષ ચૂકવીને** પોતાના "સોશિયલ સીક્યોરીટી નંબર" ઉપરના રેકોર્ડમાં ૪૦ "વર્ક્ક્રે ડિટ"-ક્વાટર્સ નોંધાવ્યાં હોય તે તે વ્યક્તિ "મેડિકેર"ના Part A-હોસ્પિટલ કવરેજ, Part B-મેડિકલ કવરેજ મેળવી શકે છે. અને દવા-પ્રિસ્ક્રીપ્શન-મેળવવાનો Part D માસિક પ્રિમિયમ ચૂકવીને ખરીદવો પડે છે. ૪૦ "વર્ક ક્રેડિટ" અને ૬૫ વર્ષ કે તેથી વધુ ઉંમર હોય તો Part A હાલનું માસિક પ્રિમિયમ $426.00 ચૂકવવામાંથી મુક્તિ મળે, Part નું હાલનું માસિક પ્રિમિયમ $104.90 દર માસે ચૂકવવું પડે, જે ૪૦" વર્ક ક્રેડિટ"ના આધારે બંધાયેલ માસિક નિવૃત્તી વેતનનની દર મહિને લાભાર્થીના બેંક એકાઉન્ટમાંથી બારોબાર" સોશિયલ સીક્યોરીટી તંત્ર "કાપી લે, તેવી જોગવાઈ છે .પોતે પસંદ કરે તે એજન્સીનું જે તે Part Dનું માસિક પ્રિમિયમ લાભાર્થીએ ચૂકવવાનું હોય છે .

(૫) (ઉપર) ૪માં જણાવેલ વિગત તો જે વ્યક્તિ ઓછામાં ઓછી ૪૦ કે તેથી વધુ" વર્ક ક્રેડિટ "પૂરી કર્યા સાથે ૬૫ કે તેથી વધુ ઉંમર હોય, તેઓની વિગત છે . પરંતુ કોઈ વ્યક્તિનાં ૬૫ વર્ષ પૂરાં થયાં હોય, પણ" વર્ક ક્રેડિટ "૩૧થી ૩૯ હોય તો એ વ્યક્તિ નિયમાનુસાર નિયત માસિક પ્રિમિયમ ચૂકવીને" મેડિકેર નીચેની વિગત મુજબ મેળવી શકે છે;

૩૧થી ૩૯ "વર્ક ક્રેડિટ" ધરાવનાર પણ "મેડિકેર" સ્વીકારવા ઈચ્છે તો એ વ્યક્તિ Part A-હોસ્પિટલ કવરેજ માટે માસિક પ્રિમિયમ $234.00 ચૂકવવું પડે. અને જો Part B-મેડિકલ કવરેજ મેળવવા હાલનું માસિક પ્રિમિયમ $104.90 ચૂકવવું પડે. આમ $234.00 + $104.90=$338.90 માસિક ચૂકવીને અને પોતે પસંદ કરે તે એજન્સીનું જે તે Part D નું માસિક પ્રિમિયમ ચૂકવીને ૪૦ કે તેથી વધુ "ક્વાટર્સ" અને ૬૫ કે તેથી વધુ ઉંમરે મળવાપાત્ર "મેડિકેર" સ્વીકારનાર લાભાર્થી જેટલું કાયદેસર હેલ્થ કવરેજ મેળવી શકે છે. ઉપરાંત સામાન્ય રીતે "મેડિકેર"ના લાભાર્થીએ" ડીડક્ટીબલ' 'કો-પેમેન્ટ', વગેરે ખર્ચ જાતે ચૂકવે છે, તેમ ચૂકવવું પડે.

* વાર્ષિક રાષ્ટ્રીય આવક આધારે "ઓબામા કેર" હેલ્થ ઈન્સ્યોરન્સમાં 'સીલ્વર પ્લાન' પસંદ કરનાર ચાર જણના ફેમિલી માટે પ્રિમિયમ રાહત નીચે મુજબ હશે;
ગરીબી રેખાના 133%-પ્રિમિયમ આવકના 3%
-વાર્ષિક આવક રાષ્ટ્રીય આવક્ની ગરીબી રેખાના 150%-પ્રિમિયમ આવકના 4%
-વાર્ષિક આવક રાષ્ટ્રીય આવક્ની ગરીબી રેખાના 200%-પ્રિમિયમ આવકના 6.3%
-વાર્ષિક આવક રાષ્ટ્રીય આવક્ની ગરીબી રેખાના 250%-પ્રિમિયમ આવકના 8.05%
-વાર્ષિક આવક રાષ્ટ્રીય આવક્ની ગરીબી રેખાના 300%-પ્રિમિયમ આવકના 9.5%
-વાર્ષિક આવક રાષ્ટ્રીય આવક્ની ગરીબી રેખાના 350%-પ્રિમિયમ આવકના 9.5%
-વાર્ષિક આવક રાષ્ટ્રીય આવક્ની ગરીબી રેખાના 400%-પ્રિમિયમ આવકના 9.5%
પોતાની વાર્ષિક આવક મુજબ માસિક પ્રિમિયમની ગણતરી કરીને બજેટ ગણવું.

જાન્યુઆરી, ફેબ્રુઆરી, માર્ચ અને **એપ્રિલ-2014 વિઝા બુલેટીન**

| ફેમિલિ કેટેગરી | જાન્યુ-2014 | ફેબ્રુ-2014 | માર્ચ 2014 | એપ્રિલ- 2014 |
|---|---|---|---|---|
| **F-1** | 08 Dec-06 | 01 Jan-07 | 01 Feb-07 | **22 Feb-07** |
| **F-2 A** | 08 Sep-13 | 08 Sep-13 | 08 Sep-13 | **08 Sep-13** |
| **F-2 B** | 01 June-06 | 08 July-06 | 01 Sep-06 | **22 Oct-06** |
| **F-3** | 15 April-03 | 15 May-03 | 15 June-03 | **15 July-03** |
| **F-4** | 01 Oct-01 | 22 Oct-01 | 08 Nov-01 | **22 Nov-01** |

**પાછળના ત્રણ મહિનાની વિગતના આધારે પાંચેય કેટેગરી દર માસે આગળ વધે છે કે નહિ? વધે છે તો કેટલી તે જાણીને વિઝા ક્યારે નીકળશે તેનો અંદાજ કાઢી શકાય.**

ઉપરોક્ત કોઠા મુજબ **એપ્રિલ -2014ની વિઝાની વિગત** નીચે મુજબ છે:-

**F-1**-અમેરિકન સીટીઝનનાં **સગીર** સંતાનો અને **21 વર્ષ કે તેથી વધુ ઉંમરનાં અપરણિત** સંતાનો- **22 February-2007** (આ મહિને **21** દિવસ **આગળ** વધી છે)

**નોંધ: (યુએસ સીટીઝનનાં** પતિ/પત્ની, **યુએસ સીટીઝનનાં 21 વર્ષથી ઓછી ઉંમરનાં અપરણિત સંતાન, યુએસ સીટીઝનનાં** માતા/પિતાને **નિકટતમ કુટુંબજન** તરીકે **તત્કાલીન વિઝા** મળે. માસિક/વાર્ષિક **વિઝા-ક્વોટા મર્યાદા લાગુ પડતી નથી**

**F-2 A** ગ્રીનકાર્ડધારકનાં **પતિ/પત્ની** અને **21 વર્ષથી ઓછી ઉંમરનાં અપરણિત** સંતાનો- **08 September-2013** (**સતત મા મહિને હતી ત્યાંની ત્યાં** જ છે) *Page 05*

**F-2 B**– ગ્રીનકાર્ડધારકનાં **21વર્ષ કે તેથી વધુ ઉંમરનાં અપરણિત** સંતાનો-
**22 October-2006** (ગયા મહિનાથી **51 દિવસ** સારી એવી **આગળ વધી** છે)
**F-3**–અમેરિકન સીટીઝનનાં **પરણિત** સંતાનો-**15 July-2003** (આ કેટેગરી આ મહિને **30** દિવસ **આગળ** વધી **છે,** યુએસ સીટીઝન માબાપ શુભ સમાચાર)
**F-4**–US **સીટીઝનનાં** ભાઈ/બેન, ઓરમાન ભાઈ/બેન-**22 November-2001**
(ગયા મહિનાથી ફક્ત **14 દિવસ આગળ વધી,** ખરેખર તો **2010**માં જ્યાં પહોંચી હતી, ત્યાંથી **હજી પણ 5 દિવસ પાછળ જ છે,** તે હવે આગળ વધશે તેવી આશા)
*uscis.gov* ઉપર મુકાયેલી છેલ્લામાં છેલ્લી માહિતી આખરી ગણવી.
**ઉપરોક્ત બુલેટીન મુજબ જો આ મહિને ફાઈલ કરવામાં આવે તો..**
**F-1** માટે **7 વર્ષ** રાહ જોવી પડે.
**F-2 A** માટે તો.. **સતત** છેલ્લા **સાત મહિનાથી** આગળ **વધતી જ નથી,** જેથી "ગ્રીનકાર્ડ" ધરાવનાર લગ્ન કરે તો તેમના 'સ્પાઉસ'ના વિઝા નીકળતાં બેથી ત્રણ વર્ષ રાહ જોવાની નોબત આવી ગણાય, **F-2 B** માટે 7 વર્ષ **6** મહિના રાહ જોવી પડે. **F-3** માટે **12** વર્ષ **થી વધુ** રાહ જૂઓ અને **F-4** માટે **12-13** વર્ષ રાહ જોવી પડે, પણ તેથી ફાઈલ કરવી નથી તેવું સમજવું નહિ. 'બ્લડ રીલેશન'-લોહીનાં સગાંના સંબંધે પતિ/પત્ની, ભાઈ/બેન, દીકરા-દીકરી, માતા/પિતાની- **ફેમિલી કેટેગરીની બધી ફાઈલો ચાલુ જ છે. વિઝા ફી ચૂકવી હોય તો કશી** રાહ જોયા વિના **સ્પોન્સરશીપનાં પેપરો યુએસ વિઝા સેન્ટરમાં મોકલી દેવાં** પણ **વિઝાકોલ આવ્યા બાદ સગાંને મોકલવાં** હિતાવહ છે.

* **ખાસ સૂચના:-** **American Christian News (ACN)** માં પોતાના લેખ પ્રસિધ્ધ કરવાની ઈચ્છા ધરાવનાર દરેક લેખક મહાનુભવે **પોતાનાં તમામ લખાણ સીધાં જ તંત્રીશ્રીના સરનામે મોકલવાં.** કેટલાક માનનીય શ્રીમતી રૂથબેન ક્રિશ્ચિયનના સરનામે મોકલે છે, તેથી લેખક પોસ્ટલ સ્ટેમ્પ્સનો ખર્ચ કરે, અને રૂથબેન એ જ લેખ તંત્રીને મોકલવા ફરીથી પોતે પોસ્ટલ સ્ટેમ્પ્સ ખર્ચે, આમ ડબલ ખર્ચ થાય, વળી લેખ તંત્રીને મળતાં બમણો સમય જાય, તે ઠીક નથી. દર બે મહિને પ્રસિધ્ધ થતા **American Christian New** માટેના લેખ-લખાણો **મહિનાની ૧૫-૨૦ તારીખ સુધીમાં બારોબાર તંત્રીને મોકલીને** સહકાર આપવા વિનંતી!
-લખાણની શરૂઆતમાં લેખકે પોતાનું નામ, સરનામુ અને ફોન નંબર અને જો હોય તો ઈ-મેઈલ એડ્રસ સાથે લેખ મોકલ્યાની તારીખ તંત્રીની જાણ માટે અચૂક લખવી.
-"બાઈબલ સ્ટડી"ના જવાબો શ્રીમતી રૂથબેન ક્રિશ્ચિયનને સરનામે મોકલવા.
-આપનાં દાન ફક્ત રોકડમાં પોસ્ટલ સ્ટેમ્પ્સ માટે શ્રીમતી રૂથબેન ક્રિશ્ચિયનને સરનામે મોકલવાં.
-"અમેરિકન ક્રિશ્ચિયન ન્યુઝ"માં પ્રસિધ્ધ થતાં લખાણો અંગે જે તે લેખકની જવાબદારી રહેશે.

નીચેની બૂકો **"અમેરિકન ક્રિશ્ચિયન ન્યૂઝ"**ના વાચકો માટે ઓછા દરે ખરીદી શકાય છે; (1) **"અમેરિકામાં સીનિયરોને મળતા લાભો"-$15.00** (શીપિંગ સહિત),
(2) **"યુએ સીટીઝશીપ ગાઈડ"-$10.00,** (શીપિંગ સહિત), **મે મહિનાથી યુએસ સીટીઝનશીપ મેળવવા માટે નવા N-400 ફોર્મની સમજ અને નવા ફોર્મ અંગેના પ્રશ્નોત્તર પૂર્તિ સાથે.**
(3) **"ડ્રાઈવિંગ ઈન યુએસએ ટેસ્ટ ગાઈડ"** *(અમેરિકાનાં 50 સ્ટેટ્સ માટે)*-**$7/** (શીપિંગ સહિત)નો ચેક **Josh Foundation** નામે લખીને એક ચિઠ્ઠીમાં **નામ, સરનામું** અને **ફોન નંબર** લખીને **કઈ બૂક મંગાવવી છે તે** લખીને-**Josh Foundation, 144 Strawberry Hill Ave, Woodbridge, NJ 07095** સરનામે મોકલ્યા પછી બે વીકમાં આપને **બૂક ન મળે તો જ ફોન કરશો.**
**રજીસ્ટર મેઈલ કરવી નહિ.**

**From:-AMERICAN CHRISTIAN NEWS**
Community Paper soliciting your Co-operation
**I.D. # 11-2917985 August 28, 1988**
**"Gujarati Christian Church"**
17, Dart Mouth Ave, Avenel, NJ 07001-1804
**Phone # (732) 750-4064-**(Ruthben Christian)

* અમેરિકામાં રહેતા જે કોઈ ખ્રિસ્તી ભાઈબેનને **American Christian News** નિયમિત મેળવવાની ઈચ્છા હોય તો **પોતાનું પોસ્ટલ એડ્રસ** અથવા **ઈ-મેઈલ,** તંત્રીશ્રીને મોકલવા વિનંતી! **તંત્રીનું સરનામું અને ઈ-મેઈલ નોંધી રાખશોજી!**
Editor-ACN, 144 Strawberry Hill Ave, Woodbridge, NJ 07095
Email: jospausa@yahoo.com * Phone: 732-855-0596

### યહુદી કેલેન્ડર-*સુનાલિની મરચંટ*

(૧) અબીબ-નિશાન-Abib-Nisan માર્ચ-એપ્રિલ-નિર્ગમન ૧૩:૪, ૨૩:૧૫, પુન. ૧૬:૧, નહે. ૨:૧, એસ્તર૩:૭
(૨) ઐયર, જીફ-Iyyar, Zif એપ્રિલ-મે-૧ રાજા: ૬:૧, ૩૭
(૩) સિવાન-Sivan મે-જૂન-એસ્તર ૮:૯
(૪) તામ્મુઝ-Tammuz-જૂન, જુલાઈ, ઓગસ્ટ-યર્મિયા ૩૯:૨, ઝખ. ૮:૧૯
(૫) એબ-Ab- જુલાઈ, ઓગસ્ટ-ગણના ૩૩:૩૮, ઝખ. ૭:૩
(૬) એલૂલ-Elul- ઓગસ્ટ-સપ્ટેમ્બર-નહેમ્યા:૬:૧૫
(૭) તિસરી, એથનીમ-Tishri, Tisri, Ethiamim- સપ્ટેમ્બર-ઓક્ટોબર- ૧ રાજા૮:૨
(૮) માચેશ્વાન, બુલ-Marchesvan, Bul- ઓક્ટોબર-નવેમ્બર- ૧ રાજા:૬:૩૮
(૯) કિસ્લેવ-Chislev- નવેમ્બર-ડીસેમ્બર-નહેમ્યા: ૧:૧. ઝખ. :૭:૧, એઝરા :૧૦:૯
(૧૦) તિબેથ-Tebeth- ડીસેમ્બર-જાન્યુઆરી-એસ્તર: ૨:૧૬
(૧૧) સેબા, સબાટ-Seba, Sebat- જાન્યુઆરી-ફેબ્રુઆરી-ઝખરિયા: ૧: ૭
(૧૨) અદાર-Adar- ફેબ્રુઆરી-માર્ચ-એઝરા ૬:૧૫, એસ્તર :૩:૭, ૮:૧૨, ૯:૧, ૯: ૧૫, ૧૭, ૧૯, ૨૧

### યહુદી વજન

૧. તાલંત–Talent-૭૫ પાઉન્ડ =૩૪ કીલોગ્રામ
૨. મીના–Mina-૧.૨૫ પાઉન્ડ =૬૦૦ ગ્રામ
૩. શેકેલ–Shekel-૦.૪૦ ઔંસ=૧૧.૫૦૦ ગ્રામ
૪. બેકા–Beka-૦.૨૦ ઔંસ =૫.૫૦૦ ગ્રામ
૫. ગેરાહ-Gerah-૦.૦૨=૦.૬૦૦ ગ્રામ

### યહુદી પ્રવાહી માપ

૧. ૧ હોમર–Homer=૧૦ એફાહ =૨૨૦ લીટર
૨. ૧ એફાહ–Ephah (૧૦ ઓમર) =૨૨ લીટર
૩. ૧ ઓમર–Omer =૧૦૦ એફાહ=૨ લીટર
૪. ૧ બાથ–Bath =૧ એફાહ=૨૨ લીટર
૫. ૧ હિન–Him =૧૬ બાથ=૪ લીટર

### યહુદી લંબાઈ

૧ હાથ = ૧૮ ઈંચ = ૦.૫ મીટર

*"God walks with us. He scoops us up in His arms or simply sits with us in silent strength until we cannot avoid the awesome recognition that yes, even now, He is here."* —Gloria Gaither

**To,**



"American Christian news" published since 1988, by "Gujarati Christian Church"
*(A not-For-Profit organization registered under the laws of the State of New Jersey, USA Estd. 1988)*